આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રામાણિક માણસ ગમે તેટલો ગરીબ હોય છતાં મનુષ્યમાં તેની પ્રતિમા રાજા જેવી ઉપસે છે
- બર્ન્સ

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૯ | ૧૮ જુલાઇ ૨૦૧૨, બુધવાર, અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# મેડીકલ કોલેજની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

## પ્રથમ વિદ્યાર્થી તરીકે પીપલીયા દીપે પ્રવેશ મેળવ્યો અને રિપોર્ટીંગ કર્યું : એન.આર.આઈ. ક્વોટાની ૨૩ બેઠકો માટે ૧૬ હજાર ડોલર અને વાર્ષિક ફી રૂ. ૨.૫૦ લાખની દરખાસ્તને પણ મંજૂરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજે મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન પ્રથમ વિદ્યાર્થી પીપલીયા દીપે પ્રવેશ મેળવી અને મેડીકલ કોલેજ સત્તાવાળાઓ સમક્ષ હાજર રિપોર્ટ પણ આપી દીધો છે.

મેડીકલ અને પેરામેડીકલ બેઠકોની પ્રવેશ પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે અને ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રથમ વિદ્યાર્થી તરીકે પીપલીયા દીપે તેમાં પ્રવેશ મેળવ્યો છે. ગુજરાત મેડીકલ રિસર્ચ સોસાયટી સંચાલિત આ રાજ્યની પાંચમી મેડિકલ કોલેજ બને છે.

૧લી ઓગષ્ટથી આ કોલેજનું પ્રથમ શૈક્ષણિક સત્ર પ્રારંભ થશે. આ કોલેજના પ્રથમ વિદ્યાર્થી રાજકોટના પીપલીયા દીપે સેન્ટ્રલ બોર્ડના ક્વોટામાં પોતાનો પ્રવેશ મેળવ્યો છે. મધ્યસ્થ એડમીશન કમિટીની ઔપચારિકતાઓ સંપન્ન કરી આ વિદ્યાર્થી સાંજના સમયે કોલેજ સત્તાવાળાઓને મળી પોતાનો હાજર રિપોર્ટ પણ કરી દીધો હતો.

દરમ્યાન ગાંધીનગર મેડીકલ કોલેજ માટે વાર્ષિક ફી રૂ. ૨.૫૦ લાખ રાખવાની દરખાસ્તનો પણ સ્વીકાર ફી નિર્ધારણ સમિતિએ સ્વીકાર કરી લીધો છે અને તેને પણ મંજૂરી આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ ગાંધીનગર મેડીકલ કોલેજમાં એન.આર.આઈ. ક્વોટાની ૨૩ બેઠકો રાખવામાં આવશે. આ માટેની દરખાસ્તને પણ સરકારમાંથી બહાલી મળી ચુકી છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત મેડીકલ રિસર્ચ સોસાયટીની પાંચેય મેડીકલ કોલેજની એન.આર.આઈ. બેઠકોના ફોર્મ ગાંધીનગર કોલેજમાં સ્વીકારવામાં આવી રહ્યા છે. આ પાંચેય મેડીકલ કોલેજની કુલ બેઠકો ૧૧૫ જેટલી થવા જાય છે. આ માટે રૂ. ૧૬ હજાર ડોલર ફીનું ધોરણ નિયત કરવામાં આવ્યું છે.

મેડીકલ કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પાંચેય મેડીકલ કોલેજની એન.આર. ક્વોટાની બેઠક માટે પ્રવેશ પત્રો ભરવાની કામગીરી હાલ ચાલુ છે અને આ માટે બે દિવસ બાકી છે. આ બેઠકો માટે અત્યાર સુધીમાં ૨૨૫ જેટલા ફોર્મ ભરાઈને આવી ગયા છે અને આ આંક ૩૦૦ને પણ પાર કરી જશે.

# મોબાઈલ કોર્ટ બાબતે ભાજપની સુધારા દરખાસ્તોનો સ્વીકાર કરાયો

## આજે મનપાની સામાન્ય સભામાં આ મુદ્દે દરખાસ્ત પસાર કરી સરકારને મોકલાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી સામાન્ય સભામાં હેલ્થ એન્ડ સેનીટેશનના ગુનાઓ નાથવા માટે મોબાઈલ કોર્ટની રચના અંગે ભાજપે રજુ કરેલા સુધારાઓ સ્વીકારવામાં આવતાં ચર્ચાઓ રસપ્રદ બનશે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં ભાજપે રજુ કરેલા અન્ય એક પ્રસ્તાવ ટ્રેનના સ્ટોપેજનો સમય વધારવા તેમજ મેમુ ટ્રેનનો કલોલ-રાંધેજાને સાંકળી એક સરક્યુલર રૂટ બનાવવા અંગે પણ અલગથી પ્રસ્તાવ પસાર કરાશે.

સ્વચ્છતા તેમજ આરોગ્ય વિષયક ગુનાઓ અંગે મોબાઈલ કોર્ટ રચવાની દરખાસ્ત અગાઉ સ્ટેન્ડીંગ કમિટીએ પસાર કરી હતી હવે આજ દરખાસ્ત સામાન્યસભામાં લાવવામાં આવતાં ભાજપના શ્રી આશિષ દવે, શ્રી સુરેશ મહેતા, શ્રી કાર્તિક પટેલ, શ્રી પ્રકાશ પટેલ, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા સહિતના સભ્યોએ સુધારા દરખાસ્તો રજુ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે મળનારી સામાન્ય સભામાં ભાજપની સુધારા દરખાસ્તો તેમજ મુળ દરખાસ્ત પર ચર્ચા કરવા અને તે પછી તેને પસાર કરવા અંગે મેયરશ્રીના કાર્યાલયે મંજૂરીની મહોર મારી દીધી છે.

મેયરશ્રીના નિકટવર્તી સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના હિતમાં કોઈ રચનાત્મક બાબત હોય તે માટે મન ખુલ્લુ રાખી અને ચર્ચા કરવામાં આવશે. શહેરનું હિત સૌથી વધુ અગ્રતા ધરાવે છે તેમાં કોઈ પક્ષીય વાત આડે નહિ આવે.

દરમિયાન ભારતીય જનતા પક્ષે પણ હવે રચનાત્મક વિપક્ષની ભૂમિકાને ધ્યાને રાખી આ ચર્ચાને વધુ રચનાત્મક બનાવવાની વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે. આમ ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને આરોગ્ય વિષયક ગુનાઓ નાથવા મોબાઈલ કોર્ટની રચનાનો માર્ગ મોકળો થયો છે.

આ રચના અંગેની વિધિવત દરખાસ્ત તૈયાર કરી પસાર થયા બાદ તે સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે. સરકાર જો આ દરખાસ્તને મંજૂરી આપશે તો ગાંધીનગર બીજું શહેર આવી મોબાઈલ કોર્ટ ધરાવતું બનશે.



હરિયાળા ગાંધીનગરની આ હરિયાળી તસવીર એ બાબતનો પરચો આપે છે કે ચોમાસું આવી ગયું છે. વરસાદે હજુ તો છાંટણાં જ કર્યાં છે ને ધરતી લીલીછમ્મ થઈ ગઈ છે. તો જો વરસાદ મન મૂકીને વરસે તો શું ન થાય ? આવાં આંખો ઠરે એવાં દ્રશ્યો માટે પણ વરસાદે હવે મન મૂકીને વરસવું જ રહ્યું એવી લાગણી હવે દરેક નાગરિકના મનમાંથી વ્યક્ત થઈ રહી છે. (તસવીર : દિપક જાની)



૧૩૦ જેટલી પેન્સિલનો ઉપયોગ કરી સલીમ શેખ નામના કલાકારે ખુબ જ કુશળ રીતે મહાત્મા ગાંધીના રેટીયોનું નિર્માણ કર્યું હતું.

# મેટ્રો રેલના સ્ટ્રક્ચર્સના બાંધકામ સામે ભયસ્થાન : સેફ્ટિના પગલાં લેવા પડશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં પ્રથમ મેટ્રોરેલનો ઓક્ટોબરમાં



પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે દિલ્હી મેટ્રોરેલના મુદ્દાને લઈને મેગા કંપનીએ ભયસ્થાન બતાવ્યું છે. આ કંપનીએ ગુપ્તાએ જણાવ્યું છે કે મેટ્રોરેલની બાંધકામ ડિઝાઈન નક્કી કરતાં પહેલાં સેફ્ટિના પગલાં આપણે ચકાસી લેવા જોઈએ. પ્રોફેશનલ કેરની પણ આવશ્યકતા છે.

પત્રમાં ગુપ્તાએ લખઅયું છે કે દિલ્હીનું ઉદાહરણ

## દિલ્હીમાં એરપોર્ટ લીંકના બાંધકામમાં ક્ષતિઓ માલુમ પડતાં રૂટ બંધ કરી દેવાયો છે,ગાંધીનગરમાં આવું થાય નહીં તેની તકેદારી રાખવી પડશે

કહ્યું છે કે અમદાવાદ ગાંધીનગર વચ્ચે આ પ્રોજેક્ટ શરૂ કરતાં પહેલાં તેના સૂચિત બાંધકામમાં સલામતીના ચુસ્ત પગલાં લેવાની આવશ્યકતા છે.

દિલ્હી એરપોર્ટ મેટ્રો એક્સપ્રેસ દ્વારા મેટ્રોરેલના બાંધકામમાં ક્ષતિઓ બહાર આવી છે. ૨૨ કિલોમીટરના આ રૂટના એલિવેટેડ સ્ટ્રક્ચરના બેરીંગ અને ક્લેમ્પમાં નુકશાન થયું છે. કેટલાક સિવિલ વર્ક્સમાં પણ ક્ષતિ માલુમ પડતાં આ લાઈન થોડા સમય પુરતી બંધ કરી દેવામાં આવી છે. મેટ્રોરેલ માટે આ સૌથી મોટો સેટબેક ગણી શકાય તેમ છે.

રાજ્યના ચીફ સેક્રેટરી એ.કે.જોતિને એક પત્ર લખી મેટ્રો રેલ કંપનીના એક્ઝીક્યુટીવ ચેરમેન સંજય આપણા માટે એક લેસન છે. આ ઘટનાને ધ્યાનમાં લઈને આપણે સ્ટ્રક્ચર બાંધકામના પગલાં વિચારવા પડશે.

ઉલ્લેખનીય છે કે આગામી ઓક્ટોબર-૨૦૧૨માં મેટ્રો રેલ એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડ પ્રથમ તબક્કાનું બાંધકામ શરૂ કરી રહી છે. આ પ્રથમ ફેઝ માટે કુલ ૭૮૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે જે પૈકી કુલ ત્રણ વર્ષના બજેટમાંથી ૨૦૦૦ કરોડ લેવાના છે. ૧૦૦૦ કરોડ સરકારના જાહેર સાહસોનો હિસ્સો છે અને ૨૭૧૬ કરોડ નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લઈને ઉભા કરવાના થાય છે. મેટ્રો રેલ હવે પીડીપીયુ અને નેશનલ લો યુનિવર્સિટીને પણ આવરી લે છે.

# ગાંધીનગરમાં વરૂણદેવને રીઝવવા પર્જન્ય યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ધરતી ઉપર વસતા તમામ જીવોના પ્રાણ પ્રશ્નો સમાન પાણીની સમસ્યા હળવી થાય તે માટે મેઘરાજાની સમયસર પધરામણી જરૂરી છે. મેઘરાજાને રીઝવવા માટે પર્જન્ય યજ્ઞનું આયોજન વેસ્ટર્ન એગ્રી સીડ્સ લી. ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૦મી જુલાઈના રોજ સવારે ૯ વાગે વેસ્ટર્ન એગ્રી સીડ્સ લી. પ્લોટ નં. ૮૦૨/૧૧, જીઆઈડીસી (એન્જીનિયરીંગ) એસ્ટેટ, સેક્ટર-૨૮ ખાતે કરવામાં આવ્યું છે.

વરસાદ ખુબ લંબાઈ રહ્યો છે. કૃષિકારોની સાથે જ સામાન્ય જનતા પણ પરેશાન છે. પાણીની અછતથી સૌરાષ્ટ્ર-કચ્છવાસીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. આવા સમયે વરૂણદેવ સમયસર પધારી ખેડૂતોને ઉગારી લે તે માટે વરણદેવને રીઝવવા જરૂરી છે. મેઘરાજાની પધરામણી માટે વેસ્ટર્ન એગ્રી સીડ્સ દ્વારા દર વર્ષે પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ પૂ. પ્રાગદાસ બાપા ગોદડીયાના આશિર્વાદથી નવમા પર્જન્ય યજ્ઞનું આયોજન જીઆઈડીસી એસ્ટેટ ખાતે કરવામાં આવ્યું છે. સાંજે ૪ વાગે શ્રીફળ હોમવામાં આવશે. સમયસર ઉપસ્થિત રહેવા ભાવિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં બે મહિનામાં નો પાર્કીંગ ઝોનમાં ૮૨૧ કેસ

## બે મહીનામાં રૂ. ૬૭ હજારની દંડ વસૂલી : આર.ટી.ઓ. ઈન્સ્પેકટરની સૂચક ગેરહાજરી સામે રોષ

ગાંધીનગર, તા.૧૭

શહેરના નૉ પાર્કિંગ ઝોનમાં ગેરકાયદેસર રીતે અડીંગો જમાવતા વાહનોને અનુલક્ષી છેલ્લા બે મહીના દરમિયાન ૮૨૧ કેસ દાખલ કરી રૂ. ૬૭૨૨૫નો દંડ વસૂલ્યો છે. બીજી તરફ નૉ પાર્કિંગ ઝોનની આ કાર્યવાહી દરમિયાન આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર હાજર ન રહેતા હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે.

શહેરમાં એસ.ટી. સ્ટેન્ડ આસપાસના નૉ પાર્કિંગ ઝોનમાં આડેધડ ખડકાતા ખાનગી વાહનોને અનુલક્ષી જિલ્લા ટ્રાફિક તંત્ર તેમજ એસ.ટી.ડેપોના એ.ટી.આઈ.ની ટીમ દ્વારા દંડ વસુલીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. છેલ્લા બે મહિના દરમિયાન પણ નૉ પાર્કિંગ ઝોનને અનુલક્ષી રૂ. ૬૭૨૨૫નો દંડ વસુલવામાં આવ્યો છે. જેમાં ગત મે મહિનામાં ૪૬૦ કેસ સંદર્ભે તંત્ર દ્વારા રૂ. ૩૮,૭૨૫નો દંડ વસુલવામાં આવ્યો હતો. જ્યારે ગત જૂન મહીના દરમિયાન નૉ પાર્કિંગ ઝોનમાં ઉભા રહેતા ૩૬૧ જેટલા શટલીયા વાન અને રીક્ષા ચાલકો સામે કાર્યવાહી હાથ ધરી રૂ. ૨૮,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે. નૉ પાર્કિંગ ઝોન સંદર્ભની કાર્યવાહી જિલ્લા ટ્રાફિક, આર.ટી.ઓ. તેમજ એસ.ટી. ડેપોની સંયુકત ટીમ દ્વારા કરવાની થતી હોય છે. પરંતુ આ કામગીરીમાં આર.ટી.ઓ. ઈન્સ્પેકટર હાજર ન રહેતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. એસ.ટી.તંત્રની ડીવીઝન કચેરી દ્વારા નૉ પાર્કિંગ ઝોનની કાર્યવાહી સંદર્ભે કાર્યક્રમની વિગતો પણ આર.ટી.ઓ.ને મોકલવામાં આવે છે. આમ છતાં આર.ટી.ઓ. ઈન્સ્પેકટર ગેરહાજર રહેતા હોવાથી આ મામલે અનેક પ્રશ્નો મંડરાયા છે.

# એક દિવસના સત્રમાં કોઈ બિઝનેસ જ નથી : ગોહિલ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર તા. ૧૯મી જુલાઈને ગુરૂવારે મળશે. માત્ર એક જ દિવસ માટેનું સત્ર બંધારણીય ફરજો અદા કરવા માટે જ બોલાવાયું છે. ગૃહમાં કોઈ જ કામકાજ (બિઝનેસ) નથી. લોકશાહીમાં પ્રજાના પ્રશ્નો રજુ કરવાનું પ્લેટફોર્મ એ વિધાનસભા ગૃહ હોય છે પણ મુખ્યમંત્રીએ એક દિવસ માટેનું ગૃહ બોલાવીને લોકશાહીનું ખૂન કર્યું છે તેમ વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન ખાતે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રશ્નોના જવાબ આપતા ગોહિલે જણાવ્યું હતું કે, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નામનો ભાજપ પોતાની વોટબેન્ક માટે જ ઉપયોગ કરે છે, ઉપરાષ્ટ્રપતિપદના ભાજપ-એનડીએના ઉમેદવાર જશવંતસિંહે પોતાના પુસ્તકમાં સરદાર પટેલ વિશે ટિપ્પણી કરી હતી અને તે સમયે મુખ્યમંત્રીએ ગુજરાતમાં પુસ્તક પર પ્રતિબંધ મૂક્યો હતો. જશવંતસિંહે તેમના પુસ્તકમાં સરદાર પટેલનું અપમાન કર્યું હોવાથી ગુજરાત ભાજપના ધારાસભ્યો અને સાંસદોએ જશવંતસિંહને સમર્થન આપવું જોઈએ નહીં.

# આપત્તિ વ્યવસ્થાપન માટે બાંગ્લાએ સહયોગ માંગ્યો

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સૌજન્ય મુલાકાતે આવેલા બાંગ્લાદેશની સરકારના આપત્તિ વ્યવસ્થાપન તંત્રનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ગુજરાત સરકારના આપત્તિ વ્યવસ્થાપનના પથદર્શક આયામોથી પ્રભાવિત થઈને આપત્તિ વ્યવસ્થાપનના પ્રશિક્ષણ માટે ગુજરાત સરકારનો સહયોગ લેવાની તત્પરતા વ્યક્ત કરી હતી.

બાંગ્લાદેશ સરકારના આપત્તિ વ્યવસ્થાપનના અધિક સચિવ અસિતકુમાર મુકુટમુનિના નેતૃત્વમાં આ પ્રતિનિધિમંડળ, ગુજરાતમાં રાજ્ય સરકાની આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રની ઉદ્દીપક સિદ્ધિઓ અને કાર્યશૈલીના અભ્યાસાર્થે આવેલું છે.

મુખ્યમંત્રીએ ગુજરાતે ૨૦૦૧ના ભૂકંપ પછી દશ વર્ષ દરમિયાન વિશ્વકક્ષાના આપત્તિ વ્યવસ્થાપન અંગે જે ઉત્તમ વ્યૂહરચના, માળખાકિય સુવિધાઓ, માનવ સંસાધન પ્રશિક્ષણ અને આફતોને અવસરમાં પલટાવવાની સમાજ શક્તિનો વિકાસ કરેલો છે તેની વિસ્તૃત માહિતી અને ભૂમિકા આપી હતી અને બાંગ્લાદેશને આપત્તિ વ્યવસ્થાપન માટે વિધેયાત્મક સહયોગની ખાતરી આપી હતી.

**જોઈએ છે**

ડિપ્લોમા સીવીલ એન્જિનિયર સંસ્થાના બાંધકામ માટે (પૂર્ણકાલિન)ની લાયકાતના અસલ પ્રમાણપત્રો સાથે તા. ૨૪-૭-૨૦૧૨ને મંગળવારે સવારે ૧૧-૦૦ કલાકે હાજર રહેવું.

પ્રમુખ / મંત્રી
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ
એસ.ટી. વર્કશોપ સામે, સેક્ટર-૭, ગાંધીનગર

**Wanted**
Sales Officer
&
Office Boy
Call
94091 20999